ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# શહેરમાં રોજ ૫૦ લાખ લીટર પાણીનો બગાડ

## નગરમાં પાણીનો બગાડ અટકાવવા તંત્ર લાચાર દેખાય છે : રોજ ૭૫ એમએલડીના સપ્લાય સામે ૧૦ ટકા પાણીનો અમથો જ વેડફાટ

ગાંધીનગર, તા.૪

શહેરમાં ચાર દાયકાના અંતે પણ સેકટરોની શેરીઓમાં પાણીની પોકાર કાને અથડાઈ રહી છે. નગર વિકાસ અને વસતીની સાપેક્ષમાં પાણીની પણોજણને સ્થિતિએ વિકટ બનવા તરફ જઈ રહ્યો છે. ચાર દાયકાના અંતે નગરના વિકાસ અને વસતીને અનુલક્ષી પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જૂના અને નવા સેકટરોમાં જુદા



જુદા સમયે સપ્લાય થતા પાણી પુરવઠાને યોગ્ય સમયે અને ફોર્સથી આપવા નવીન પાણીની ટાંકીઓ, પમ્પીંગ સ્ટેશન ઉપરાંત પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. શહેરીજનોની પાણીની જરુરીયાત સંતોષવા સરકાર કક્ષાએથી દર મહીને પાણી પાછળ કરોડોનું 'પાણી' થાય છે. પરંતુ પાણીના બગાડની સ્થિતિ સંદર્ભે દાયકાઓથી કોઈ પગલાં ન લેવાતા મહામૂલા પાણીનો રોજબરોજ બેરોકટોક બગાડ થાય છે. એક અંદાજ મુજબ શહેરમાં ગરમીના દિવસોમાં સપ્લાય થતાં ૭૫ એમ.એલ.ડી. પાણી પૈકી અંદાજિત રોજ ૫૦ લાખ લીટર પાણીનો અમથો જ બગાડ થાય છે. પીવા અને રોજિંદા વપરાશમાં ઉપયોગમાં લેવાતા પાણી ઉપરાંત અમસ્તા નળમાંથી વહેતું છંટકાવ થતું પાણી રસ્તો કરી લે છે. દર મહીને સપ્લાય થતા મહામૂલા પાણીના પૂરવઠા પૈકી ૧૦ ટકાનો બગાડ થાય છે. પાણીનો બગાડ અટકાવવા તંત્ર કક્ષાએ પણ નક્કર આયોજન થઈ શક્યું નથી. જોડાણ કાપવાની વાત તો દૂર પણ નોટીસ આપવા સુધીની કાર્યવાહી પણ થઈ શકી નથી. વર્તમાન સંજોગોમાં પાણીનું મુલ્ય સમજી તેના વેડફાટને અટકાવવા શિક્ષિત નગરજનો પણ હજુ જાગ્રત હોવાનો અહેસાસ થતો નથી ત્યારે પાણીની પેચીદી સમસ્યાને ડામવા બગાડના મૂળ સુધી પહોંચવું અત્યંત અનિવાર્ય હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

નગર અસ્તિત્વમાં આવ્યા પછી મરણપથારીએથી બેઠો થયેલો પાણીનો પ્રશ્ન આજની ડામવા હવે વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પણ હાથ ધરાયું છે. પરંતુ શહેરીજનોની પાણીની જરુરીયાત સંતોષવા પ્રતિદીન સપ્લાય થતા ૭૫૦ લાખ લીટર પાણીની સામે ૧૦ ટકા જથ્થો આમ જ અમથો વેડફાઈ જતો હોવાની વરવી વાસ્તવિકતા સામે આવી છે. એક અંદાજ મુજબ શહેરીજનો રોજ ૫૦ લાખ લીટર પાણીનો બગાડ કરે છે. સામે પક્ષે પાણીના બગાડને અટકાવવા તંત્ર કક્ષાએથી પણ આજ દીન સુધી કડક પગલા લેવામાં આવ્યા નથી. આ મામલે તંત્રના અધિકારીઓ પણ લાચારી બયાન કરવા સિવાય વિશેષ કાંઈ કરી શકે તેમ ન હોવાનો સૂર સંભળાય છે.



ભારતીય સંસ્કૃતિમાં ભક્તિ, વ્રત, માનતાઓનું બહુ મહત્ત્વ છે, શ્રદ્ધાની અનોખી વાત છે. આવી જ એક વાત વડ સાવિત્રીના વ્રતની પણ છે, પતિની દીર્ઘાયુ માટે આ વ્રત કરવાની પરંપરા છે. આ વડ સાવિત્રી (સૌરાષ્ટ્રમાં વટ સાવિત્રી)ના વ્રતની ઉજવણી સોમવારે ગાંધીનગરમાં પરંપરાગત શ્રદ્ધા ભાવપૂર્વક કરવામાં આવી હતી. ભાવિક મહિલાઓએ પૂજન તથા અન્ય ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો. પ્રસ્તુત તસવીરમાં સૅક્ટર-૨૨ના પંચદેવ મંદિર ખાતે પૂજનવિધિમાં ભાગ લઈ રહેલી મહિલાઓ દ્રશ્યમાન થાય છે. (તસવીર : દિપક જાની)

# શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને ટેક્ષ હોલીડેનો લાભ આપો : મેયર

## સામાન્ય સભાના ઠરાવને સરકારે ધ્યાને લીધો નથી તે અંગે દુઃખ વ્યક્ત કરતા મેયર : વસાહત મહાસંઘની માંગણીમાં સૂર પૂરાવતા મેયર



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના રહીશોને ટેક્ષ હોલીડે આપવાની શહેર વસાહત મહાસંઘની માંગણીમાં પોતાનો સૂર પૂરાવતાં મેયરે આજે શહેરી વિકાસ મંત્રીશ્રીને પાઠવેલા પત્રએ રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર જગાવી છે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ પોતાના આ પત્રની સાથે વસાહત મહાસંઘ દ્વારા કરાયેલ રજુઆતને પણ જોડી દઈ અને આ વિવાદને નવો જ વળાંક આપ્યો છે.

મેયરશ્રી રાણાએ તેમના આ પત્રમાં ગ્રામ્ય વિસ્તારને ટેક્ષહોલીડેનો લાભ આપવા માટે સામાન્ય સભાએ કરેલા ઠરાવને સરકારે ધ્યાને લીધો નથી તે અંગે ભારોભાર દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું કે ગાંધીનગર શહેરમાં સમાવેશ થયેલા ગ્રામ્ય વિસ્તારો તેમજ અન્ય ગામોની જમીન પર આ નગર વસ્યુ છે અને આ ગામોના વિકાસ માટે જે ધ્યાન આપવું જોઈએ તે સરકારે આપ્યુ નહિ હોવાથી હવે તેને ટેક્ષહોલીડેનો લાભ આપવો જ જોઈએ.

અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારના રહીશોની લાગણીને વાચા આપી ૧૭-૮-૧૧ની સામાન્ય સભામાં પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલયની સલામતી શાખાનો કમાન્ડો લાંચ લેતા ઝડપાયો

## શિક્ષકની નોકરી અપાવવા ૩.૫૦ લાખની માંગણી કરી હતી, અક્ષરધામ પાસે ૨૫ હજાર લેતા એ.સી.બી.એ રંગે હાથ ઝડપ્યો

ગાંધીનગર, તા.૪

શિક્ષકની નોકરી અપાવવાના બહાને રૂ. ૨૫ હજારની લાંચ લેતા સચિવાલય સલામતી શાખાના કમાન્ડોને આજે એ.સી.બી.એ રંગે હાથ ઝડપી લીધો છે.

પ્રાપ્ય માહિતી અનુસાર સે-૩૦માં રહેતા અને એસ.આર.પી. ગૃપ-૧૩માં કોન્સ્ટેબલ ભરત જીવણભાઈ પટેલ હાલ સચિવાલયની સલામતી શાખામાં કમાન્ડો તરીકે ફરજ બજાવે છે. એસ.આર.પી. ગૃપ-૧૩ના આ કોન્સ્ટેબલે પ્રાંતિજમાં રહેતા અનિલ અંબાલાલ પટેલના ભત્રીજાને શિક્ષક તરીકે નોકરી અપાવવાનું કહી રૂ. ૩.૫૦ લાખની માંગણી કરી હતી. જયારે તા. ૧૦ના રોજ યોજાનારી ટેટની પરીક્ષા પાસ કરાવવા રૂ. ૨૫ હજારની રકમ પણ એડવાન્સ માંગી હતી આ અંગે અનિલભાઈએ સાબરકાંઠાના એ.સી.બી. વિભાગને જાણ કરી હતી. જયારે વાત થયા

● અનુસંધાન પાન-૭ પર

# દરિયા કિનારાના વિકાસ માટે રૂા.૧૨૦૦ કરોડની મંજૂરી

## ગુજરાતના દસ બીચને ડૅવલપ કરવા કેન્દ્રીય આયોજન પંચની લીલી ઝંડી,પાંચ વર્ષમાં કામગીરી પૂર્ણ કરાશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૪

ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકિનારાના વિકાસ માટેની આખરી મંજૂરી મળી ચૂકી છે. કેન્દ્રીય આયોજન પંચે દરિયા કિનારાના ટુરિઝમ માટે વાર્ષિક યોજનામાં ૧૨૦૦ કરોડની રકમ મંજૂર કરી છે જેનાથી ૧૦ જેટલા બીચને ડેવલપ કરી શકાશે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી આયોજન પંચની બેઠકમાં ગુજરાતની વાર્ષિક યોજનાને મંજૂરી આપવામાં આવી છે જેમાં દરિયા કિનારાના સ્થળોને પ્રવાસન તરીકે વિકાસ કરી શકાય તે માટે રાજ્ય સરકારે ૧૨૦૦ કરોડની યોજના બનાવી હતી જેને મંજૂરી આપી દેવામાં આવી છે.

ગુજરાતમાં સૌથી લાંબો દરિયા કિનારો છે પરંતુ યોગ્ય રીતે તેનો વિકાસ થઈ શક્યો નથી. આ સ્થળોએ પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. જો કે આ રકમ પાંચ વર્ષની મર્યાદામાં મળશે, પહેલા વર્ષે ૩૦૬ કરોડ ચૂકવાશે.

ગુજરાતમાં જે ૧૦ સ્થળોને ટુરિસ્ટ તરીકે ડેવલપ કરવાના થાય છે તેમાં નારગોલ, ટીટહલ, ગોપનાથ, ભવાની, સારકેશ્વર, અહમદપુર માંડવી, માધવપુર, પીંગલેશ્વર અને કચ્છ-માંડવીનો સમાવેશ થાય છે.

# ગાંધીનગરમાં ગરમી ઘટી, બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૪

ગઈકાલે સાંજે ધોધમાર વરસાદી ઝાંપટુ પડ્યા બાદ ગરમી થોડીક ઘટી છે પરંતુ ભેજનું પ્રમાણ વધતા પરસેવો ખુબ થાય છે.

ઉનાળાના આકરા દિવસોનો હવે ટુંક સમયમાં અંત આવશે. વરસાદ પહેલાની પ્રિ-મોન્સુન એકટીવીટી સક્રિય બની છે. જેના ભાગરૂપે ગઈકાલે સાંજે ગાંધીનગરમાં વરસાદનું જોરદાર ઝાપટુ પડ્યું હતું. વરસાદ બાદ થોડીકવાર માટે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જો કે વરસાદ બંધ થતા જ પુનઃ ગરમીનો અનુભવ થવા માંડ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૯.૬ ડિગ્રી રહ્યું હતું. જ્યારે સવારે ભેજનું પ્રમાણ ૭૧ ટકા હતુ. ભેજનું પ્રમાણ વધુ રહેતા પરસેવો ખુબ થયો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. બફારો સૌને અકળાવી ગયો હતો.

# મારૂતીના પ્રૉજેક્ટ પાસે ઍન્જીનિયરીંગ ક્ષેત્રમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન

## અમદાવાદથી વાપી સુધીના પટ્ટામાં ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન વધારે થયું છે, હવે બેલેન્સ કરવા ઉત્તર ગુજરાત ટારગેટ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં મારૂતી કારનો પ્રોજેક્ટ જે સ્થળે સ્થપાવાનો છે તે બેચરાજી પાસે રાજ્ય સરકાર એન્જીનિયરીગ ક્ષેત્રમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (સર) બનાવવા જઈ રહી છે.

આ રિજીયનમાં એન્જીનિયરીંગ ક્ષેત્ર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે જેમાં ખાસ કરીને ઓટો કોમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરર્સનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રને ગુડગાંવ અને માનેસરની જેમ ડેવલપ કરવાનો સરકારનો ઈરાદો હાવાનું ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન તેની નોડેલ એજન્સી તરીકે કામ કરશે. બેચરાજી પાસે એસઆઈઆરની પ્રપોઝલ પ્રમાણે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બનશે. આ ઝોનમાં નોલેજ અને એન્ટરટેઈનમેન્ટ ઝોન પણ ક્રિયેટ કરવાની યોજના છે.

ગુજરાતમાં મોટાભાગના ઉદ્યોગો અમદાવાદ-વાપી બેલ્ટમાં આવેલા છે. કચ્છમાં ઘણાં ડેવલપ થયા છે પરંતુ ઉત્તર ગુજરાતમાં ઓછા ઉદ્યોગો છે તેથી બેચરાજીને એસઆઈઆર આપવામાં આવ્યું છે. આ પટ્ટાથી સાણંદનો ઝોન વધારે નજીક હોવાથી બન્ને એસઆઈઆર વિશાળ ફલક ઉપર આવી શકે છે.

ગુજરાતમાં કુલ ૧૪ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ઉભા કરવામાં આવી રહ્યાં છે તેમાં બહુચરાજીનો એક છે, પરંતુ તેને હવે એન્જીનિયરીંગ ઝોનમાં ફેરવવામાં આવ્યો છે.



ભગવાન જગન્નાથના મંદિરથી નિકળેલી જળયાત્રાના વરઘોડામાં હાથી, અખાડા, અને ધજા-પતાકા સામેલ કરાઈ હતી.

# કોબા અને કરાઈ ખાતે બે યુવાન કેનાલમાં ડૂબી ગયા

## ફાયરબ્રિગેડની સઘન શોધખોળ શરૂ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના પ્રવેશ માર્ગે આવેલા કોબાના નજીક અને કરાઈ ખાતે કેનાલમાં બે યુવાનો ગરકાવ થઈ ગયા હોવાના સમાચાર મળ્યા છે હાલમાં ફાયરબ્રિગેડે બંને યુવાનોની શોધખોણ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે આજે વહેલી સવારે ફાયરબ્રિગેડ કંન્ટ્રોલ રૂમને સંદેશો મળ્યો હતો કે કોબા સર્કલ નજીક સુઘડ કેનાલમાં એક યુવાન ગરકાવ થઈ ગયો છે. જેથી ફાયરબ્રિગેડની ટીમ તૂરંત ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને યુવાનની શોધખોળ શરૂ કરી દીધી હતી. જોકે હજી સુધી યુવાનનો કોઈ પતો લાગ્યો નથી. અન્ય એક ઘટનામાં કરાઈ ખાતે પણ નર્મદા કેનાલમાં એક યુવાન ડુબાયો હોવાનું જાણવા મળ્યું છે. ફાયરબ્રિગેડને જાણ થતાં ફાયર જવાનો દોડી ગયા હતા અને યુવાનની શોધખોળ શરૂ કરી દીધી હતી.


## ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક્સ (બાયસેગ) ગાંધીનગર

ચ-"૦" સર્કલ પાસે, ઈન્દુલાલ યાજ્ઞિક માર્ગ, ગાંધીનગર.

બાયસેગના RO System 15 LPH નંગ-૧ તથા RO System 25 LPH નંગ-૨નો, સ્પેરપાર્ટ સહિત વાર્ષિક નિભાવણી કરાર કરવાનો હોવાથી જે અંગેના ભાવો સીલબંધ કવરમાં આ કચેરીના ઉપર જણાવેલ સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા. ૧૧-૬-૧૨ સુધીમાં મોકલી આપવાના રહેશે. કવર ઉપર "RO System ના A.M.C. અંગેના ભાવપત્રક" અવશ્ય લખવું.

મેનેજર
બાયસેગ, ગાંધીનગર

તા. ૧-૬-૨૦૧૨



## પ્રવેશ જાહેરાત

### શાંતિનિકેતન પ્રા. અને માધ્યમિક શાળા

બ્લોક નં. ૪/૧, જ-ટાઈપ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૩૩૦૯

ધોરણ-૧૦નું વર્ષ-૨૦૧૧-૧૨નું પરિણામ ૮૦%

જુનિયર કે.જી/સી.કે.જી. (ગુજ/Eng Med.)
ધોરણ-૧ થી ૮ પ્રાથમિક વિભાગ
ધોરણ-૯ થી ૧૦ માધ્યમિક વિભાગ

સમય : સવારે ૮ થી ૧૧-૩૦ મળો.

શિક્ષકો જોઈએ છે : B.Sc. / M.Sc. B.Ed. (ગણિત/વિજ્ઞાન) B.A./M.A. B.Ed. (અંગ્રેજી), મંગળ, બુધ, ગુરૂ
અરજી સાથે સાથે રૂબરૂ મળો : સવારે ૮ થી ૧૧






## સમસ્ત પાટીદાર સમાજ જોગ

ગાંધીનગર જિલ્લા સમસ્ત પાટીદાર સમાજ, ગાંધીનગર અને સમસ્ત પાટીદાર સમાજ - સુરતના સંયુક્ત ઉપક્રમે માર્ચ-૨૦૧૨માં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરિક્ષામાં તેમજ ધોરણ-૧૦ની પરિક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને ઈનામથી નવાજવાનો કાર્યક્રમ માણસા મુકામે જુન/જુલાઈ- ૨૦૧૨માં યોજવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાના પાટીદાર સમાજ (લેઉવા - કડવા)ના તેજસ્વી તારલાઓ કે જેમણે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૪૫૦/૫૦૦ (૯૦%) કે તેથી વધારે અને સામાન્ય પ્રવાહમાં ૮૦ ટકા કે તેથ ીવધારે અને ધોરણ-૧૦માં ૯૦ ટકાથી તેથી વધારે ગુણ પ્રાપ્ત કર્યા હોય તેમણે મોડામાં મોડા તા. ૧૫-૬-૨૦૧૨ સુધીમાં માર્કશીટની ખરી નકલ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭/સી, ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે.






TMT BARS - ISI
C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com